GJBH090002582025

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૯/૦૨/૨૦૨૫ |
| કેસ રજીસ્ટર્ડ તારીખ | ૧૯/૦૨/૨૦૨૫ |
| કેસ ફેસલ તારીખ | ૦૩/૦૮ /૨૦૨૬ |
| સમયગાળો | ૦૧વર્ષ, ૦૫ માસ,૧૫ દિન |

**::નમૂના–અ::** **આંક– ૪૩**

**મુખ્ય ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ),વાલીયા.તા.વાલીયા જી.ભરૂચના ન્યાયાલયમાં**
**શ્રી એ.એમ.સોની –મુખ્ય ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ).**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૩/૦૮ /૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | સી.સી.નં.૨૨૪/૨૦૨૫ |

| ગુનાની વિગત | |
|---|---|
| ગુનાની કલમ | બી.એન.એસ ૨૦૨૩ ની કલમ: ૧૧૫(૨),૧૧૮(૧),૩૫૨,૩૫૧(૩) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ |
| પ્ર.માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૧૯૯૦૫૦૨૪૧૦૭૭/૨૦૨૪,તા. ૦૫/૧૨/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | વાલીયા પો.સ્ટે.તા.વાલીયા,જી.ભરૂચ |
| ફરિયાદપક્ષ | સરકારશ્રી/ફરિયાદીનુંનામ:વિજલાભાઈ મગનભાઈ દેવાભાઈ વસાવા, હાલ રહે. વાંકલ મુકતાનંદ સોસાયટી,તા.માંગરોળ,જી.સુરત<br>મુળ રહે. પેટીયા નવી વસાહત,તા.વાલીયા,જી.ભરૂચ |
| રજૂઆત | વિ.મદદનીશ સરકારી વકીલશ્રી જી.બી.મકવાણા |
| આરોપી પક્ષ | દયાનંદ ઉર્ફે વાલુ રણજીતભાઈ મગનભાઈ વસાવા<br>રહે.ગુંદીયા ગામ બંગલ ફળીયું, તા. વાલીયા, જી.ભરૂચ |
| રજૂઆત | વિ.વકીલશ્રી–એ.કે.ચૌધરી |

**::નમૂના–બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૦૪/૧૨/૨૦૨૪ |

| | |
|---|---|
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | તા.૦૪/૧૨/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | તા.૦૭/૦૩/૨૦૨૫ |
| તહોમતનામા/પ્લીની તારીખ | તા.૦૭/૦૩/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૧૯/૦૨/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | તા. ૦૩/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખતા. | તા. ૦૩/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો ) | લાગુપડતુ નથી. |

**::આરોપી ની વિગત::**

| આરોપીનું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનોસ મયગાળો ફો.કા.સંહિતા ની કલમ:૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | દયાનંદ ઉર્ફે વાલુ રણજીતભાઈ મગનભાઈ વસાવા | તા.૧૩/૧૨/૨૦૨૪ | તા.૦૭/૦૩/૨૦૨૫ | બી.એન.એસ ૨૦૨૩ ની કલમ: ૧૧૫(૨),૧૧૮(૧),૩૫૨,૩૫૧(૩) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ | ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૧૫(૨),૧૧૮(૧) મુજબના ગુન્હામા તકસીરવાન ઠરાવીને સજા કરવામા આવેલ છે. | ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૧૫(૨) મુજબના ગુન્હામા તકસીરવા ન ઠરાવીને ૬ મહીનાની સાદી કેદની સજા તથા ૧ ૧૧૮(૧) મા ૧ વર્ષની સાદી કેદની સજા કરવામા આવેલ છે. | ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ આરોપીએ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામા આવે છે. |

**::નમૂનો ક::**

**ફરિયાદી /બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ.ફરિયાદપક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

| | | |
|---|---|---|
| ફ.સ.૧ | રતિલાલભાઈ જેસીંગભાઈ વસાવાની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.ર | ચંપકભાઈ મસુરભાઈ વસાવાની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૩ | જીતેન્દ્રભાઈ નટવરભાઈ વસાવાની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૪ | ઠાકોરભાઈ વનજીભાઈ ચૌધરીની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૫ | વીજલાભાઈ મગનભાઈ વસાવાની જુબાની | ફરીયાદી |
| ફ.સ.૬ | જશુબેન વીજલાભાઈ વસાવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૭ | મણીબેન કાનજીભાઈ વસાવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૮ | સતિષભાઈ કાનજીભાઈ વસાવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૯ | રજનીકાંતભાઈ કાનજીભાઈ વસાવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૧૦ | રાજેન્દ્રભાઈ રણજીતભાઈ વસાવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૧૧ | કાશ્મીરાબેન રાજેન્દ્રભાઈ વસાવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૧૨ | ફેમીદા મહમદ હનીફ પટેલની જુબાની | સાહેદ |
| ફ.સ.૧૩ | ડો.ઋષિ ઘનશ્યામ પટેલની જુબાની | સાહેદ |

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | નથી | નથી. |

**ક.બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૨ | – | – |

નોંધ – ઉપરોકત સાક્ષીના પુરાવાના પ્રકારમાં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે,નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી),પોલીસ સાક્ષી,નિષ્ણાંત સાક્ષી,તબીબી સાક્ષી,પંચ સાક્ષી,અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

**ફરિયાદી /બચાવ /ન્યાયાલયના આંકની યાદી**

**અ.ફરિયાદ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ આંક–૧૪ | શરીર સ્થિતિ અંગેનું પંચનામું |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ આંક–૧૭ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩. | આંક ફ–૩/ફ.સ.૩ આંક–૨૩ | ફરીયાદ |
| ૪. | આંક ફ–૪/ફ.સ.૪ આંક–૩૯ | સારવાર સર્ટીફીકેટ |

**બ.બચાવ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ – | – |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ – | – |

**ક.ન્યાયાલય આંક**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ – | |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ – | |

**ડ.ભૌતિક પદાર્થ:**

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ – | – |
| ૨. | ભૌ.પ.૨ – | – |

## ::–<u>ચુકાદો</u> –::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૦૫/૧૨/૨૦૨૨૪ નાં રોજ કલાક ૨૦:૪૫ વાગ્યાના આ કામના ફરીયાદી તેની પત્નીની માલીકીની મુળ વતન પેટીયા ખાતે જમીન આવેલી હોય જે જમીનમાં સોયાબીનની કાંપણી તેમજ શેરડીનું વાવેતર કરાવવા સારૂ તેની પત્ની સાથે પેટીયા ગામે આવી છેલ્લા પંદરેક દિવસથી રોકાયેલ હતા અને શેરડીનું વાવેતર તથા સોયાબીન કાંપણીનું કામ કરાવતા હતા તે દરમ્યાન ગઈકાલ રોજ તા.૦૪/૧૨/૨૦૨૪ ના કલાક ૨૦.૪૫ વાગ્યા દરમ્યાન આ કામના આરોપી દયાવાન ઉર્ફે વાલુ રણજીતભાઈ વસાવાનાઓ ફરીયાદીના ઘરે કોદાળી લઈને આવેલ અને તમે અમારી જમીન પચાવી પાડેલ છે તેમ કહી સાહેદ જશુબેન નાઓને કોદાળી ઉગામી હું તમને બંન્નેને જાનથી મારી નાંખીશ અને દફનાવી દઈશ તેમ કહી ગમે તેમ ખરાબ ગાળો આપી ફરીયાદીને કોદાળીથી માથાના ભાગે મારી દેતા ચામડી ફાટી લોહી નીકળી ઈજા કરી તેમજ ફરીયાદીને પકડીને ઢીકાપાટુનો માર મારી તમે બંન્ને ઘર ખાલી કરીને જતા રહેજો નહી તો ફરીવાર આવીશ તો મારી નાંખીશ તેવી ધમકી આપી, બી.એન.એસ.એસ.૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩) અને જી. પી. એકટ ૧૩૫ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ વાલીયા પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૯૦૫૦૨૪૧૦૭૭/૨૦૨૪, તા.૦૫/૧૨/૨૦૨૪ થી જાહેર કરેલ છે અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશિટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) ચાર્જશિટનું સંજ્ઞાન લઈ આ કામના આરોપી કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વીના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ **આંક –૦૫** લગત સદરહુ ગુના અન્વયે આરોપીની પ્લી યાને સ્ટેટમેન્ટ અનુક્રમે આંક–૦૬ થી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો નાકબુલ કરતાં ફરિયાદ પક્ષનો પુરાવો શરૂ કરવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે. આ કામે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવાના કારણે બી.એન.એસ.એસ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.તેમાં પોતે નિર્દોષ હોવાનું અને ખોટી ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે.

(૪) ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી. ની મૌખીક દલીલો સાંભળવામા આવેલ છે અને બાદમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી ની મૌખીક દલીલો સાંભળવામાં આવેલછે.

(૫) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૧)** | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકે છે કે,આ કામના આરોપીઓએ તા.૦૫/૧૨/૨૦૨૨૪ નાં રોજ કલાક ૨૦:૪૫ વાગ્યાના આ કામના ફરીયાદી તેની પત્નીની માલીકીની મુળ વતન પેટીયા ખાતે જમીન આવેલી હોય જે જમીનમાં સોયાબીનની કાંપણી તેમજ શેરડીનું વાવેતર કરાવવા સારૂ તેની પત્ની સાથે પેટીયા ગામે આવી છેલ્લા પંદરેક દિવસથી રોકાયેલ હતા અને શેરડીનું વાવેતર તથા સોયાબીન કાંપણીનું કામ કરાવતા હતા તે દરમ્યાન ગઈકાલ રોજ તા.૦૪/૧૨/૨૦૨૪ ના કલાક ૨૦.૪૫ વાગ્યા દરમ્યાન આ કામના આરોપી દયાવાન ઉર્ફે વાલુ રણજીતભાઈ વસાવાનાઓ ફરીયાદીના ઘરે કોદાળી લઈને આવેલ અને તમે અમારી જમીન પચાવી પાડેલ છે તેમ કહી સાહેદ જશુબેન નાઓને કોદાળી ઉગામી હું તમને બંન્નેને જાનથી મારી નાંખીશ અને દફનાવી દઈશ તેમ કહી ગમે તેમ ખરાબ ગાળો આપી ફરીયાદીને કોદાળીથી માથાના ભાગે મારી દેતા ચામડી ફાટી લોહી નીકળી ઈજા કરી તેમજ ફરીયાદીને પકડીને ઢીકાપાટુનો માર મારી તમે બંન્ને ઘર ખાલી કરીને જતા રહેજો નહી તો ફરીવાર આવીશ તો મારી નાંખીશ તેવી ધમકી આપી, બી. એન. એસ. એસ. ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩) અને જી.પી. એકટ ૧૩૫ મુજબનો મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે? |
| **મુદ્દા નં.૨)** | છેવટે શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ અંશતઃહકારમા

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**<u>::- નિર્ણય માટેના કારણો -::</u>**

(૭) **<u>મુદ્દા નં.૧ અને ૨.</u>**

આ કામે બંને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું પુનરાવર્તન ન થાય અને સરળતા રહે તે હેતુ થી બંનને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૮) ફરીયાદપક્ષ તરફે **આંક-૧૩ થી પંચ સાહેદ રતિલાલભાઈ જેસીંગભાઈ વસાવા તથા આંક-૧૫ થી પંચ સાહેદ ચંપકભાઈ મસુરભાઈ વસાવાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમા **આંક-૧૪** થી રજુ શરીર સ્થિતિના પંચનામા માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સીવાય બીજુ કશું જાણતા નથી.

સદર પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય વિ.એ.પી.પી. શ્રી નાઓ દ્રારા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે,એ વાત ખરી છે કે,તૈયાર પંચનામામાં સહી કરેલી. એ વાત ખરી છે કે પંચનામામાં શું લખેલું તેની મને ખબર નથી.

(૯) ફરીયાદપક્ષ તરફે **આંક-૧૬ થી પંચ સાહેદ જીતેન્દ્રભાઈ નટવરભાઈ**

**વસાવા તથા આંક–૧૮ થી પંચ સાહેદ ઠાકોરભાઈ વનજીભાઈ ચૌધરીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમા **આંક–૧૭** થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામા માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સીવાય બીજુ કશું જાણતા નથી.

સદર પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય વિ.એ.પી.પી. શ્રી નાઓ દ્રારા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે,એ વાત ખરી છે કે,તૈયાર પંચનામામાં સહી કરેલી. એ વાત ખરી છે કે પંચનામામાં શું લખેલું તેની મને ખબર નથી.

(૧૦) ફરિયાદપક્ષે **આંક–૨૨ થી ફરીયાદી વીજલાભાઈ મગનભાઈ વસાવા**ને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ તા.૪/૧૨/૨૦૨૪ ના રોજ બનેલો. પટીયા ગામે ખેતરમાં મારા મકાન પર બનેલો.બનાવ રાત્રી ના પોણા નવ વાગ્યે બનેલો.બનાવ ના દિવસે હું અને મારી પત્ની જશુબેન જમી પરવારી ને **હું ઘરના આગણામાં બેઠો હતો અને મારી પત્ની ઘરમાં હતી. તે સમયે મારા મોટાભાઈ નો દિકરો દયાવાન હાથમાં કોદાળી મારી પત્ની પર ઉગામી ને કહેવા લાગેલ કે આ જમીન અમારી છે અને તમે ખાલી કરીને જતા રહો જેથી હું તેને સમજાવતા દયાવાને મને માથાના ભાગે કોદાળી મારેલી.અને મને પકડીને ઠીકા પાટુનો માર મારવા લાગેલ**

અને જતા–જતા કહેતો હતો કે અહીંયાથી તમે જતા રહેજો નહીંતર ફરીવાર તમને જાન થી મારી નાખીશ .ત્યારબાદ મારા દિકરા વિપુલને ફોન કરતા મને વાંકલ સરકારી દવાખાને લઈ ગયેલો અને ત્યારબાદ બીજા દિવસે મેં વાલીયા પોલીસ સ્ટે.મે ફરીયાદ આપેલી . જે અસલ ફરીયાદમાં નીચે મારી સહી છે જે હું ઓળખું છુ.જે અસલ ફરીયાદ રજુ દાખલ આંક–૨૩ આપવામાં આવે છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,**

સવાલ:– ફરીયાદ આપવા તમે કેટલા જણા ગયેલો?

જવાબ:– હું અને મારો છોકરો.

સવાલ:– ફરીયાદ તમે લેખિક આપેલી કે મૌખિક આપેલી?

જવાબ:– લેખિતમાં આપેલી.

તે વાત ખરી છે કે,કહેવાતો બનાવ સમયે રાત્રી હોય અંધારૂ હતું. તે વાત ખરી છે કે, કહેવાતા બનાવ બાદ અમો પોલીસ સ્ટેશન ગયેલા નહી. તે વાત ખરી છે કે,કહેવાતા બનાવ ની ફરીયાદ બીજા દિવસે આપેલી તે અંગે નું વાજબી કારણ મારી ફરીયાદમાં જણાવેલ નથી. તે વાત ખરી છે કે,ફરીયાદ લીધાબાદ પોલીસે મારૂ વિશેષ નિવેદન લીધેલ નથી.તે વાત ખરી છે કે, કહેવાતા બનાવ સમયે લોકોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ. તે વાત ખરી છે કે ,કહેવાતા બનાવવાળી જગ્યાપર ઘર બનાવવા માટે પુરાણ કરવા માટે માટીનો ઠગલો કરેલો.તે વાત ખરી છે કે, આરોપી મારા ભાઈનો છોકરો હોય અગાઉથી ઓળખું છુ.

(૧૧) ફરિયાદપક્ષે **આંક–૨૬ થી સાહેદ જશુબેન બિજલાભાઈ**

**વસાવા**ને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ તા.૦૪/૧૨/૨૪ ના રોજ સાંજે પોણા નવ વાગે પેટીયા ગામે અમારા ઘરની આગળ બનેલો.બનાવમાં મારા જેઠનો છોકરો દયાવાન રણજીત વસાવા પોતાના હાથમાં કોડાળી લઈને આવેલો અને મારા ઉપર ઉગામી અને કહેલ કે, '' **તુ તો બોલતી જ ના'' તેમ કહેતા હુ મારા પતિ પાસે ભાગેલી જેથી દયાવાને મારી સાથે આવેલો અને તેના હાથમાની કોડાળી મારા પતિને માથાના ભાગે મારી દીધેલ**.આરોપી દયાવાને જમીન બાબતે અમારી સાથે આ મારામારી કરેલી.અને બનાવમાં આરોપી અમોને કહેતો હતો કે, '' તમો ઘર ખાલી કરીને જતા રહો નહી તો તમને જાનથી મારી નાખીશ'' બનાવમાં બુમાબુમ થતા આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા અને મે મારા દીકરા વિપુલને ફોન કરીને બોલાવી લીધેલ હતો અને મારા પતિને અમો ઝંખવાવ સરકારી દવાખાને લઈ ગયેલા અને સારવાર કરાવેલી.પોલીસે મારો જવાબ લીધેલો.આરોપીને જોયેથી ઓળખી શકુ આરોપી નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,** એ વાતખરી છેકે,ફરીયાદી મારા પતિ થાય છે.એવાત ખરી છેકે, આરોપી મારા જેઠનો છોકરો થતો હોય અગાઉ થી ઓળખુ છુ.એવાત ખરી છેકે, પોલીસે મારુ નામઠામ પુછેલુ તે સિવાય કાંઈ પુછેલુ નહી.એવાત ખરી છેકે, કહેવાતા બનાવ સમયે રાત્રીનો સમય હોય અંધારુ હતુ.એવાત ખરી છેકે, બનાવાળી જગ્યાએ નજીકમાં રહેણાંકના ઘરો આવેલા છે.એવાત ખરી છેકે, કહેવાતા બનાવવાળી જગ્યાએ ખેતરમાં કાચુ ઘર આવેલુ

છે.એવાત ખરીછેકે, આ ઘર આગળ આંગણુ આવેલુ છે.

(૧૨) ફરિયાદપક્ષે **આંક-૨૭ થી સાહેદ મણીબેન કાનજીભાઈ વસાવા**ને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ તા.૦૪/૧૨/૨૪ ના રોજ સાંજે પોણા નવ વાગે પેટીયા ગામે વિજલાભાઈના ઘરની આગળ બનેલો.બનાવમાં જસુબેને બુમો પાડતા અમે અમારા ઘરથી દોડેલા અને જોયેલ તો દયાભાઈ કોડાળી લઈને ભાગતા હતા અને વિજલાભાઈને માથામાં લોહી આવતુ હતુ.બનાવમાં દયાવાનભાઈ વિજલાભાઈને કહેતા હતા કે તમો અહીંયા થી જતા રહો.પોલીસે મારો જવાબ લીધેલો.આરોપીને જોયેથી ઓળખી શકુ આરોપી નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,**એવાત ખરી છેકે, આરોપી ગામના હોય અગાઉ થી ઓળખુ છુ.એવાત ખરી છેકે, અમો ફરીયાદીના ઘરે સાફસફાઈ તેમજ ખેતીકામ કરવા માટે કાયમ જાવ છુ.એવાત ખરી છે કે, મે મારા જવાબમાં એવુ લખાવેલ નથી કે , દયાભાઈ કોડાળી લઈને ભાગતા જોયેલા .એવાત ખરી છે કે, મે મારા જવાબમાં **દયાવાનભાઈ વિજલાભાઈને કહેતા હતા કે તમો અહીંયા થી જતા રહો** એવુ લખાવેલ નથી.એવાત ખરી છેકે,મે મારા પોલીસ રૂબરુના નિવેદનમાં લખાવેલ છે કે, સંપુર્ણ બનાવ મે નજરે જોયેલ નથી.

(૧૩) ફરિયાદપક્ષે **આંક-૨૮ થી સાહેદ સતિષભાઈ કાનજીભાઈ વસાવા**ને સોગંદ

પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ તા.૦૪/૦૫/૨૪ ના રોજ સાંજના સાત સાડા વાગે પેટીયા ગામે વિજલાભાઈ મગનભાઈના ઘરની આગળ બનેલો.બનાવમાં બુમાબુમ થતાં અમો દોડીને ત્યાં ગેયેલા તો વિજલાભાઈને કોદાળી માથાની સાઈડમાં અને કાનની ઉપર ના ભાગે દયાવાને મારેલી હતી.આરોપીએ કોદાળી કેમ મારેલી તેની મને ખબર નથી.આ સિવાય બીજુ કાંઈ જાણતો નથી. આરોપીને મે ભાગતા જોયેલો. પોલીસે મારો જવાબ લીધેલો નહી.આરોપીને જોયેથી ઓળખી શકુ આરોપી નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,**એવાત ખરી છેકે, આરોપી ગામના હોય અગાઉ થી ઓળખુ છુ.એવાત ખરીછેકે, મણીબેન કાનજીભાઈ મારા મમ્મી થાય છે.એવાત ખરી છેકે, મારા મમ્મી મણીબેન ફરીયાદીના ઘરે સાફ સફાઈ તેમજ ખેતીકામ કરવા માટે કાયમ જાવ છુ.એવાત ખરી છે કે, વિજલાભાઈ મારા મામા થાય છે. એવાત ખરી છેકે, કહેવાતા બનાવ સમયે અંધારુ હતુ.એવાત ખરી છેકે, બનાવવાળી જગ્યાએ બીજા ફળીયાના ઘરો આવેલા છે.એવાત ખરી છેકે,બનાવ સમયે લોકોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ. એવાત ખરી છે કે, મે મારા જવાબમાં એવુ લખાવેલ નથીકે,'' **બનાવમાં બુમાબુમ થતાં અમો દોડીને ત્યાં**

**ગેયેલા તો વિજલાભાઈને કોદાળી માથાની સાઈડમાં અને કાનની ઉપર ના ભાગે દયાવાને મારેલી હતી.**

**(૧૪)** ફરિયાદપક્ષે **આંક–૨૯ થી સાહેદ રજનીકાંતભાઈ કાનજીભાઈ વસાવા**ને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ તા.૦૪/૧૨/૨૪ ના રોજ રાતના પોણા નવ વાગે પેટીયા ગામે વિજલાભાઈ ના ઘરની આગળ બનેલો.બનાવ સમયે હુ ઘરે હતો.બનાવમાં બુમાબુમ થતાં અમો દોડીને ગયેલો. ત્યાં જઈને જોયેલ તો આરોપી દયાવાન ભાગતો હતો અને વિજલાભાઈને કોદાળી માથાની સાઈડમાં દયાવાને મારેલી હતી.આરોપીએ કોદાળી કેમ મારેલી તેની મને ખબર નથી.આસિવાય બીજુ કાંઈ જાણતો નથી. પોલીસે મારો જવાબ લીધેલો નહી.આરોપીને જોયેથી ઓળખી શકુ આરોપી નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,**એવાત ખરી છેકે, આરોપી ગામના હોય અગાઉ થી ઓળખુ છુ.એવાત ખરીછેકે, મણીબેન કાનજીભાઈ મારા મમ્મી થાય છે.એવાત ખરી છેકે, મારા મમ્મી મણીબેન ફરીયાદીના ઘરે સાફસફાઈ તેમજ ખેતીકામ કરવા માટે કાયમ જાય છે.એવાત ખરી છેકે, વિજલાભાઈ મારા મામા થાય છે.એવાત

ખરી છેકે, કહેવાતા બનાવ સમયે અંધારુ હતુ.એવાત ખરી છેકે, બનાવવાળી જગ્યાએ બીજા ફળીયાના ઘરો આવેલા છે.એવાત ખરી છેકે,બનાવ સમયે લોકોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ. એવાત ખરી છે કે, અંધારુ હોય દયાવાન ને મે ખાલી જતા જોયેલો.

(૧૫) ફરિયાદપક્ષે **આંક–૩૪ થી સાહેદ રાજેન્દ્રભાઈ રણજીતભાઈ વસાવા**ને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવની તારીખ મને યાદ નથી અને બનાવને કેટલો સમય થયો તે પણ યાદ નથી. બનાવ શુ બનેલો તે પણ ખબર નથી. બનાવ વિષે હું કાંઈ જાણતી નથી. મારે કાંઈ કહેવુ નથી. પોલીસે મારો જવાબ લીધેલો નહી.

સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી વિ.વ.શ્રી ધ્વારા **ઉલટ તપાસ** કરવામાં આવેલ નથી.

(૧૬) ફરિયાદપક્ષે **આંક–૩૫ થી સાહેદ કાશ્મીરાબેન રાજેન્દ્રભાઈ વસાવા**ને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવની તારીખ મને યાદ નથી અને બનાવને કેટલો સમય થયો તે પણ યાદ નથી. બનાવ શુ બનેલો તે પણ ખબર નથી. બનાવ વિષે હું કાંઈ

જાણતી નથી. મારે કાંઈ કહેવુ નથી. પોલીસે મારો જવાબ લીધેલો નહી.

સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી વિ.વ.શ્રી ધ્વારા **ઉલટ તપાસ** કરવામાં આવેલ નથી.

(૧૭) ફરિયાદપક્ષે **આંક–૩૬ થી સાહેદ ફેમીદા મહમદ હનીફ પટેલ**ને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, બનાવ સમયે હું વાલીયા પો.સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ ઉપર હાજર હતી તે દરમ્યાન વાલીયા પો.સ્ટે. ગુના રજી નંબર×××××× ૧૦૭૭/૨૦૨૪ ના કામની તપાસ અમોને મળતાં તપાસ સંભાળી લઈ ગુનાવાળી જગ્યાએ જઈ બે પંચો રૂબરુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ જે આંક–૧૭ વાળા પંચનામામાં મારી રૂબરુ પંચોની સહી છે અને ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ આ કામના આરોપીને પંચો રૂબરુ અટક કરેલ તેમજ આ કામે જરૂરી કાગળો જેવા કે મેડીકલ સર્ટી મેળવી આ કામે રજુ રાખી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકુ.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,**એવાત ખરી છેકે, આવો કોઈ કહેવાતો બનાવ બને તો લોકોનુ ટોળુ જોવા માટે ભેગુ થઈ જાય.એવાત ખરી છેકે, કહેવાતા

બનાવની નજીક રહેણાંકના ઘરો આવેલા છે.એવાત ખરી છેકે, કહેવાતા બનાવના સ્થળે ખેતરમાં કાચુ ઘર આવેલુ છે.એવાત ખરી છેક, કહેવાતા બનાવના સ્થળે પુરાણ કરવા માટીનો ઢગલો કરેલો હતો.એવાત ખરી છેકે, કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલો.એવાત ખરી છેકે, ગુનાવાળી જગ્યા ઉપરથી લોહી વાળા કપડા તેમજ લોહીવાળી માટીના નમુના અમોએ મેળવેલ નથી.એવાત ખરી છેકે, ગુનાવાળી જગ્યા પરથી મુદામાલ રિકવર કરેલ હોય તેવુ બનેલ નથી.એવાત ખરી છેકે, કહેવાતો મુદામાલ સામાન્ય રીતે ગામડાના ઘરોમાંથી મળી રહે.એવાત ખરી છેકે, તપાસના કામે અમોએ ફરીયાદીના ઘરના સગાસબંધીના નિવેદનો લીધેલ છે.એવાત ખરી છેકે, ફરીયાદીએ ફરીયાદ મોડી આપવાનુ કોઈપણ વ્યાજબી કારણ તેમની ફરીયાદમાં જણાવેલ નથી.એવાત ખરી છેકે, ફરીયાદીનુ વિશેષ નિવેદન લીધેલ હોય તેવુ પણ બનેલ નહી.એવાત ખરી નથીકે, પંચનામા તેમજ સાહેદોના નિવેદન પોલીસ સ્ટેશનમાં બેસીને લખી લીધેલ.

(૧૮) ફરિયાદપક્ષે **આંક-૩૮ થી ડો.ઋષિ ઘનશ્યામભાઈ પટેલ**ને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,હું તા.૦૪/૧૨/૨૦૨૪ ના રોજ સી.એચ.સી. ઝંખવાવ ખાતે મારી ફરજ પર હાજર હતા તે દરમ્યાન એક દર્દી નામે વિજયભાઈ મગનભાઈ વસાવા ઉ.વ.૬૦ રહે.પેટીયા નવીવસાહત તા. વાલીયા જી.ભરૂચનાઓ જાતે રાત્રીના ૦૯:૪૫ કલાકે આવેલા.

**દર્દીના જણાવ્યા પ્રમાણે તેમને તેમના મોટાભાઈના છોકરાએ તેમના**

**ઘરે કોદાળીથી અને ઢીકાપાટુનો માર મારેલ હતો. દર્દીને નીચે મુજબની ઈજાઓ થયેલ હતી.**

ઈજા નંબર(૧)ડાબી બાજુ કપાળના ભાગમાં ઘા હતો જેમાંથી લોહી નીકળતુ હતુ.

ઈજા નંબર(૨) જમણા હાથના કાંડાના અને હાથના ભાગમાં દુ:ખાવો હતો. દર્દીને બીજી કાંઈ ઈજા હતી નહી.

સામાન્ય તપાસમાં દર્દી સંપુર્ણ સભાન અવસ્થામાં જણાયેલ. તેઓના પલ્સ રેટ–૧૦૦/મીનીટ, બી.પી.૧૬૦/૮૬ એમ.એમ.એચ.જી, તેમજ SPO2 ૯૯% હતુ. જેઓને પ્રાથમિક સારવારમાં ટાંકા લીધેલ અને ઈન્જેકશન અને દવાઓ આપેલ હતી. મારા મંત્વય મુજબ દર્દીને થયેલ ઈજા ૦૭ થી ૧૦ દિવસમાં રીકવર થઈ શકે.

આમ ઉપરોકત દર્દીની સારવાર કર્યા અંગેનુ સર્ટીફીકેટ આજ રોજ અમો ઝેરોક્ષ નકલ રજુ કરીએ છીએ. જેમાં નીચે મારી સહી અને હોદ્દાનો સિકકો છે જે હું ઓળખુ છું. જે રુજદાખલ આંક–૩૯ આપવામાં આવે છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,**એ વાત ખરી છેકે, ઈજા પામનારે જે હીસ્ટ્રી અમોને જણાવેલી તે પ્રમાણે હીસ્ટ્રી લખેલ હતી.એવાત ખરી છેકે, ઈજા પામનાર પોલીસ યાદી વગર મારી પાસે આવેલા.એવાત ખરી છેકે, ઈજા પામનાર મારી પાસે આવ્યા ત્યારે ભાનમાં હતા.એ વાત ખરી છેક, ઈજા પામનારને ઈજા કોણે કરેલી તે વ્યકિતનુ નામ જણાવેલ નહી.એવાત ખરી છેકે, સદરહું ઈજા બોથડ પદાર્થ પર પડવાથી થઈ શકે. એવાત ખરી છે કે, રાત્રીનો સમય હોય માણસ ઠોકર

ખાવાથી કપાળની ડાબી બાજુ પડતા આવી ઈજા સંભવી શકે.

**(૧૯) સાહેદોની જુબાનીનુ પુરાવાકીય મૂલ્યાંકન:-**

**<u>બી.એન.એસ.ની કલમ - ૩૫૨ : સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન</u> :-**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવા સંભવ હોવાનું જાણવા છતાં, કોઈપણ વ્યકિત ઈરાદપૂવક અન્ય કોઈ વ્યકિતને અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટને કારણે આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**<u>કલમ- ૩૫૧:ગુન્હાહિતધમકી</u>**

કોઈપણ વ્યકિત, અન્ય કોઈ વ્યકિતન તેના શરીર, પ્રતિષ્ઠા કે મિલકતને અથવા જે વ્યકિતમાં તે અન્ય વ્યકિત હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની એવા ઈરાદાથી ધમકી આપે કે જેથી તે વ્યકિત ભયભીત થાય અથવા તેવી ધમકીનો અમલ થતો અટકાવવા માટે પોતે જે કરવા કાનૂનબદ્ધ ન હોય તે કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનુની અધિકાર હોય તે કૃત્ય ન કરે તેણે તે વ્યકિતને ગુન્હાહિત ધમકી આપી ગણાય.

૧૯.૧) આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ અને કાયદાકીય

પરીસ્થિતિ ધ્યાને લેતાં, આ ગુનાઓ પુરવાર કરવા માટે આરોપી ધ્વારા ચોકકસ કયા શબ્દો ફરીયાદીને બોલાયેલા હતા અને આવા શબ્દો અને ધમકીને કારણે ફરીયાદી ને તાતકાલીક મૃત્યુની બીક હેઠળ આવી ગયેલ હતા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. જો ફરીયાદી આવી હકીકત પુરવાર કરી શકે નહી તો ઈ. પી.કોડ કલમ : ૫૦૪ અને ૫૦૬(૨) હેઠળના ગુના સબબ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું **<u>નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ બેચરભાઈ વણકાર વિરૂઘ્ધ ગુજરાત રાજય, ૨૦૦૭ (૧) ગુજરાત લો હેરલ્ડ પાના નં. ૩૩૭</u>** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. ના. ગુજરાત હાઈકોર્ટના ચુકાદો વંચાણે લેતા તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત હાથ ઉપર ના કેસમાં ચકાસતા આ કામે ફરીયાદી તથા સાહેદોએ તેઓની સોંગદ ઉપર ની જુબાનીમાં આરોપીએ તેઓને કયા ચોકકસ શબ્દો બોલેલા તેમજ આરોપી ધ્વારા આપવામાં આવેલ ધમકીના કારણે તેઓને મૃત્યુની બીક લાગેલ હોય તેવી કોઈ જ હકીકત જણાઈ આવતી નથી.

૧૯.૨) વધુમાં આ તબકકે ભારતીય દંડ સંહિતાની કલમ – ૫૦૩ તથા બી.એન.એસ. ની કલમ–૩૫૧ માં આપેલ ગુનાહીત ધમકી શબ્દનું અર્થઘટન કરતાં **<u>નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા 2015 SCR 156 = 2015 (1) JT 237, MANIK TANEJA & ANR VS STATE OF KARNATAKA 7 And</u>** ના ચુકાદાના પેરા નંબર– ૧૪ તથા ૧૫ માં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

14. A reading of the definition of "Criminal Intimation" would indicate that there must be an act of threatening to another person, of causing an injury to the person, reputation,

or property of the person threatened , or to the person in whom the threatened person is interested and the threat must be with the intent to cause alarm to the person threatened or it must be to do any act which he is not legally bound to do or omit to do an act which he is legally entitled to do.

15. In the instant case, the allegation is that the appellants have abused the complainant and obstructed the second respondent from discharging his public duties and spoiled the integrity of the second respondent. It is intention of the accused that has to be considered in deciding as to whether what he has started comes within the meaning of “criminal intimidation” the threat must be with intention to cause alarm to the complainant to cause the person to do or omit to do any work. Mere expression of any words without any intention to cause alarm would not be sufficient to bring in the application of this section. But material has to be placed on record to show that the intention is to cause alarm to the complainant. From the facts and circumstances of the case, it

appears that there was no intention on the part of the appellants to cause alarm in the minds of the second respondent causing obstruction in discharge of his duty. As far as the comments posted on the Facebook are concerned, it appears that it is a public forum meant for helping the public and the act of appellants posting a comment on the Facebook may not attract ingredients of criminal intimidation in section 503 IPC”.

૧૯.૩) ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં ગુનાહીત ધમકી થી ફરીયાદીને ભય ઉત્પન્ન થવો જરૂરી છે તેમજ તેવો ભય આરોપી ધ્વારા કોઈ કૃત્ય કરવા કે ન કરવા અંગેનો ઈરાદા સાથે ઉત્પન્ન કરેલ હોવો જોઈએ કોઈ પણ ઈરાદા વગર માત્ર શબ્દો કહેવાથી ગુનાહીત ધમકીનો ગુનો બનતો નથી.

૧૯.૪) વધુમાં આ તબકકે નામદાર ગુજરાત હઈકોર્ટનો <u>**મનસુરખાન યાસીનખાન પઠાણ અને અન્ય વિરૂધ્ધ ગુજરાત રાજય, ૨૦૦૨ (૧) ગુજરાત લો હેરલ્ડ (ચુ.જે) ૪ (ગુજરાત)**</u> નો ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત દયાને લેવામાં આવેલ છે. આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો દયાને લેતાં ગુનાહીત ધમકીથી ફરીયાદીને ભય ઉત્પન્ન થવો જરૂરી છે અને જો તેવો ભય ઉત્પન્ન થયો ન હોય તો ગુનાહીત ધમકીનો ગુનો પુરવાર થતો નથી. હાથ ઉપરના કેસમાં પણ ફરીયાદી ને આરોપી ધ્વારા કોઈ ગુનાહીત ધમકી આપવામાં આવેલ હોય અને તેનાં ધ્વારા તેઓને કોઈ ભય ઉત્પન્ન થયેલ

હોય તેવુ રેકર્ડ પરથી જણાઈ આવતુ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૫૦૪, ૫૦૬(૨) તથા બી.એન.એસ. ની કલમ–૩૫૨ અને ૩૫૧(૩) મુજબના ગુનાનો આક્ષેપ વ્યાજબી શંકા થી પર પુરવાર કરી શકેલ નથી. જેથી આ કામે ફરિયાદપક્ષ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪,૫૦૬(૨) તથા બી.એન.એસ. ની કલમ–૩૫૨ અને ૩૫૧(૩) મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવું અત્રેની અદાલતનું પ્રામાણિકપણે માનવું છે.

**(૨૦) આ કામના આરોપી વિરૂધ્ધ બી.એન.એસ એકટ ની કલમ–૧૧૫(૨) તથા ૧૧૮(૧) મુજબનો આક્ષેપ છે તે વંચાણે લેતા નીચે મુજબ છે.**

**બી.એન.એસ ની કલમ–૧૧૫(૨) :–**

જો કોઈ વ્યકિત , કલમ–૧૨૦ ની ઉપકલમ(૧) મા દર્શોવેલ કેસ સિવાય,સ્વેરછાએ કોઈ વ્યકિતને ઈજા પહોચાડે છે, તેને એક વર્ષે સુધીની મુદતની કોઈ પણ પ્રકારની કેદ ,અથવા રૂ ૧૦,૦૦૦/– સુધીનો દંડ, અથવા બંનેથી દંડીત કરવામા આવશે.

સજા:– વધુમા વધુ ૧ વર્ષે સુધીની સજા તથા વધુમા વધુ રૂ ૧૦,૦૦૦/– દંડ અથવા બંને.

**બી.એન.એસ.ની કલમ–૧૧૮(૧)**

જો કોઈ વ્યકિત જાણપુર્વેક /સ્વેરછાએ નીચેના સાધનો અથવા માઘ્યમથી કોઈ વ્યકિતને ઈજા પહોચાડે ,તો તે ગુનો બને છે.

(૧) ગોળી ચલાવવા ,ભોકવા અગથાવ કાપવા માટેનુ કોઈ સાધન

(૨) એવુ કોઈ સાધન કે જે ગુનામા હથિયાર તરીકે વપરાય તો મુત્યુ થવાની શકયતા હોય.

(૩) આગ અથવા ગરમ પદાર્થ.

(૪) ઝેર અથવા ક્ષારક પદાર્થ.

(૫) વિસ્ફોટક પદાર્થ

(૬) શરીર માટે હાનિકારક પદાર્થ.

(૭) કોઈ પ્રાણી દવારા

**સજા:–**

**૩ વર્ષ ની સજા ની કોઈ પણ પ્રકારની કેદ,અથવા**

**રૂ ૨૦,૦૦૦/– સુધીની દંડ, અથવા**

**બંને.**

**(૨૦.૧)** ફરીયાદીના કેસને સમર્થન આપવા આંક–૧૩ થી પંચ સાહેદ રતીલાલ જેસીગભાઈ વસાવા તથા આંક–૧૫ થી પંચ ચંપકભાઈ મસુરભાઈ વસાવા નાઓએ જુબાની આપેલ છે તેઓ આંક–૧૪ ના પંચનામા ના પંચો છે તેઓએ આંક–૧૪ ના પંચનામા ના સમર્થન મા જુબાની આપેલ ન હોય આંક–૧૪ નો પંચનામો સાબીત થયેલ નથી. ત્યારબાદ આંક–૧૬ થી પંચ સાહેદ જીતેન્દ્રભાઈ નટવરભાઈ વસાવા તથા આંક–૧૮ થી પંચ સાહેદ ઠાકોરભાઈ વનજીભાઈ ચૌધરી નાઓએ જુબાની આપેલ છે તેઓ આંક–૧૭ ના પંચનામા ના પંચો છે તેઓ આંક–૧૭ ના પંચનામા ના સમર્થન મા જુબાની આપેલ ન હોય આંક–૧૭ નો પંચનામો સાબીત થયેલ નથી.

**(૨૦.૧)** ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ થી ફરીયાદી દવારા પુરાવો આપવામા આવેલ છે, ફરીયાદીએ આંક–૨૨ થી પોતાના મુખ્ય પરીક્ષણમા જુબાની આપેલ છે કે, બનાવ સમયે તે પોતાની પત્ની સાથે પોતાની ઘરની બહાર બેઠેલ હતો, જે સમયે આરોપી ,જે ફરીયાદીના ભાઈનો દીકરો એટલે કે ફરીયાદીનો ભત્રીજો થાય છે, પોતાના હાથમા કુહાડો લઈ ને ત્યા આવેલ અને ફરીયાદીના માથાના ભાગે કુહાડીના ઘા કરેલ હતો. ત્યારબાદ તેમના દીકરાને ફોન કરતા તે તેઓને દવાખાને લઈ ગયેલ અને ત્યારબાદ બીજા દીવસે વાંલીયા પોલીસ સ્ટેશન મા ફરીયાદ આપેલ. આમ ફરીયાદી ંએ ઈજા પામનાર સાહેદ છે તેમની જુબાની કેટલા ધ્યાને લેતા પહેલા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા મા પ્રસ્થાપિત થયેલ સિધ્ધતો ધ્યાને લેતા જે નીચે મુજબ છે.

**2007 (2) SCC (Cri.) 390 [State of M.P V. Mansingh and others**

“Para-9 The evidence of injured witnesses has greater evidentiary value and unless compelling reasons exist, their statements are not to be discarded lightly. Minor discrepancies do not corrode the credibility of an otherwise acceptable evidence.”

**AIR 2008 SC 1198 [Vijay Shankar Shinde and ors. V. State of Maharashtra]**

Para 9. “-------- As a matter of fact, the evidence of injured person who is examined as a witness lends more credence, because normally he would not falsely implicate a person thereby protecting the actual assailant.”

**2007(3) GLR 2530 [Kailash Raghuvir V. State]**

“Injured: Evidence of injured witness ought to be accepted unless, grave circumstances warrant that such evidence be discarded

આમ ફરીયાદી સાક્ષીની ઉપરોકત જુબાનીનુ મુલ્યાકન કરતા જણાય

આવે છે કે, તેની જુબાની ઘટનાના મુખ્ય મુદા અંગે સ્પષ્ટ અને વિશ્વસનીય છે. ફરીયાદી સાક્ષી દવારા આરોપી સામે ખોટી જુબાની આપવાનુ કોઈ સ્વતંત્ર કારણ રેકર્ડ પર જણાઈ આવતુ નથી. માત્ર એટલા કારણ કે ફરીયાદી અને આરોપી સગા સંબધી ઓ છે,તેની સમગ્ર જુબાની ને અવિશ્વસનીય ઠરાવી શકાય નહી. વિપરીત રીતે ,સગા સંબધીઓ હોવાને કારણે સાક્ષી આરોપીને ખોટી રીતે ફસાવશે તેવુ માનવા માટે કોઈ પણ યોગ્ય કારણ રેકર્ડ પર જણાતુ નથી.

(૨૦.૨) વધુમા ફરીયાદીની પત્ની જશુબેન બીજલાભાઈ નાઓએ આકં-૨૬ થી પુરાવો આપેલ છે તેમા તેઓએ સ્પષ્ટ જણાવેલ છે કે,ઘટના સમયે આરોપી પોતાના હાથમા કુહાડો લઈને આવેલો અને મને કહેલ કે**, તુ બોલતી જ ના. તેમ કહેતા હુ મારા પતિ પાસે ભાગેલી જેથી આરોપીને મારી સાથે આવેલો અને તેના હાથમાથી કોડાળી મારા પતિને માથાના ભાગે મારી દીધેલ. આરોપી અમોને કહેતા હતા કે તમો ઘર ખાલી કરી નાખજો નહીતો તમને જાનથી મારી નાખીશ.**આરોપી ના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા મદદરૂપ થાય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

આમ આ સાક્ષીની જુબાની પરથી સ્પષ્ટ થાય છે કે, તેણી ઘટના સ્થળે હાજર હતી અને સમગ્ર ઘટના ની પ્રથમદર્શનીય સાક્ષી છે.તેણીએ આરોપી દવારા કુહાડો લઈને આવવુ ,ફરીયાદીની નજીક જઈ તેના માથા ના ભાગે કુહાડાથી ઘા કરવો તથા જમીન ખાલી કરવાની ધમકી આપવી. આ સમગ્ર ઘટના ને સ્વભાવિક રીતે વર્ણવેલ છે. તેની જુબાની મા ઘટના ના મુખ્ય મુદા અંગે કોઈ એવી મુળભુત વિસંગતા જણાતી નથી કે જેના કારણે તેની સમગ્ર

જુબાનીને અવિશવસનીય ઠરાવી શકાય.

માત્ર એટલા કારણ સર કે સાક્ષી ફરીયાદીની પત્ની છે ,તેની જુબાની ને નકારી શકાય નહી. માનનીય સર્વોચ્ચ અદાલતે વારંવાર ઠરાવ્યુ છે કે, સંબધિત સાક્ષીની જુબાની માત્ર તેના સબંધ ના આધારે ફગાવી શકાય નહી. આવી સાક્ષીની જુબાનીનુ સાવચેતીપુર્વક અને કાળજી પુર્વક મુલ્યાંકન કરવાનુ રહે છે.જો તેની જુબાની સ્વાભાવિક,સુસંગત,વિશ્વસનીય,અને અન્ય પુરાવા સાથે સુસંગત જણાય, તો તેના આધારે દોષિત ઠરાવ કરી શકાય છે. સંબધિત સાક્ષી પણ ઘટનાસ્થળે હાજર રહેવા માટે સ્વભાવિક સાક્ષી હોઈ શકે છે.

આ સિધ્ધાંત માનનીય સર્વોચ્ચ અદાલતે **Dalip Singh v. State of Punjab, AIR 1953 SC 364**, **Jayabalan v. Union Territory of Pondicherry, (2010) 1 SCC 199 તથા Thoti Manohar v. State of Andhra Pradesh, (2012) 7 SCC 723 સ્પષ્ટ** કર્યો છે. તાજેતર ના નિર્ણયોમા પણ સર્વોચ્ચ અદાલતે પુનરોચ્ચાર કર્યો છે કે માત્ર સબંધિત સાક્ષી હોવા ના આધારે સાક્ષીની સંભાવ્યતાનુ કાળજીપુર્વક મુલ્યાંકન કરવાનુ રહે છે.

હાથ પરના કેસમા ફરીયાદીની પત્ની સાક્ષીની જુબાની નુ સમગ્ર તયા મૂલયાંકન કરતા જણાય છે કે, તેણીની હાજરી ઘટના સ્થળે સ્વાભાવિક છે. તેણીએ આરોપી દવારા હાથમા કુહાડો લઈને આવવુ અને ફરીયાદીના માથા ઉપર કુહાડા થી ઘા કરવો તે બાબત સ્પષ્ટ રીતે જણાવી છે. આ જુબાની ફરીયાદીની પોતાની જુબાની તથા ઉપલબધ્ધ તબીબી પુરાવા સાથે સુસંગત હોય તો તે ફરીયાદપક્ષ ના કેસને મહત્વપુર્ણ સમર્થન આપે છે.

(૨૦.૩) વધુમા ફરીયાદીપક્ષ તરફે આંક–૨૭ થી સાહેદ મણિબેન કાનજીભાઈની જુબાની ધ્યાને લેતા ઘટના રાત્રીના આશરે ૯:૦૦ કલાકે બની હતી અને ફરીયાદીની પત્ની ની બુમ સાંભળીને તે પોતાના ઘરેથી બહાર આવી હતી. તેણીએ આરોપીને હાથમા કુહાડા સાથે ભાગતો જોયો હોવાનુ જણાવ્યુ છે તથા ફરીયાદીના માથાના ભાગે ઈજા અને લોહી જોયુ હોવાનુ જણાવે છે.

પરંતુ આ સાક્ષીની ઉલટ તપાસમા એ સ્વીકારે છે કે,એ વાત ખરી છે કે,મે મારા જવાબ મા એવુ લખાવેલ નથી કે, **દયાભાઈ કુહાડી લઈને ભાગતા જોયેલા.** આ સ્વીકારને ધ્યાનમા લેતા ,સાક્ષીની મુખ્ય પરીક્ષણમા આરોપીને કુહાડા સાથે ભાગતા જોયા હોવાની કરવામા આવેલ ચોકકસ જુબાનીને તેના એકલા આધારે નિર્વિવાદ અને અખંડીત હકીકત તરીકે સ્વીકારી શકાય નહી.

**ફોજદારી કેસમા સાક્ષીની સમગ્ર જુબાનીનુ વાંચન સરતપાસ અને ઉલટતપાસ બંનેને સાથે રાખીને કરવાના હોય છે, સરતપાસ મા કરાયેલ કોઈ હકીકતને માત્ર એટલા માટે સ્વીકારી શકાય નહી કે તે હકીકત સરતપાસમા જણાવવામા આવી છે . જો ઉલટ તપાસ દરમ્યાન સાક્ષીની જુબાનીમા મહત્વપુર્ણ સ્વીકાર અથવા વિરોધાભાસ આવે, તો અદાલતે સમગ્ર પુરાવનુ સાવચેતીપુર્વક મુલ્યાંકન કરવુ પડે.**

આથી સાક્ષી મણીબેનની જુબાની ના આધારે એટલુ ચોકકસ પણે કહી શકાય નહી કે, તેણીએ આરોપીને કુહાડા સાથે ઘટનાસ્થળે થી ભાગતા પોતાની આંખે જોયો હતો. આ હકીકતને આરોપી વિરૂધ્ધ સ્વતંત્ર અને નિશ્ચિત પુરાવો ગણવો યોગ્ય રહેશે નહી. તેમ છતા સાક્ષીએ ફરીયાદીની

બુમ સાંભળીને ઘટના બાબદ તાતકાલીક સ્થળે પહોચવાનુ અને ફરીયાદી ના માથાના ભાગે ઈજા તથા લોહી જોયાનુ વિશવસનીય રીતે જણાવ્યુ હોય તો તે ભાગની જુબાનીનુ અલગથી મુલ્યાંકન કરી શકાય છે.પંરતુ તે જુબાની માત્ર એટલા આધારે આરોપી જ હુમલાખોર હતો તે નિષ્કર્ષ સુધી પહોચવા માટે પુરતી છે કે નહી, તે અન્ય મૌખિક અને તબીબી પુરાવા . ખાસ કરીને ફરીયાદી તથા ફરીયાદીની પત્ની સાથે સંયુકત રીતે નકકી કરવાનુ રહે છે. આમ સાક્ષી મણીબેનની જુબાની નો જે ભાગ ઉલટ તપાસમા કરવામા આવેલ સ્વીકારથી નબળો બને છે,એટલે કે **એટલ કે આરોપીને કુહાડા સાથે ભાગતો જોવાનો ભાગ, તેના આધારે આરોપી વિરૂઘ્ઘ ,નિશ્રિ્વત નિષ્કર્ષ કાઢી શકાય નહી.** જો કે તેઓએ ઘટના બાદ જોયેલી ઈજા તથા લોહી અંગેની જુબાની, જો અન્ય વિશ્રવસનીય પુરાવાથી સમર્થિત હોય, તો તે મર્યોદીત હદ સુધી ફરીયાદપક્ષ ના કેસને પુષ્ટિ આપી શકે છે.

**કાનુની સિઘ્ધાંત**

**એક જ સાક્ષીની જુબાનીને સંપુર્ણ રીતે સ્વીકારવી અથવા સંપુર્ણ રીતે ફગાવવી જરૂરી નથી.:–** કોર્ટ તેની જુબાની વિશ્રવસનીય અને અન્ય પુરાવાથી સમર્થિત ભાગ સ્વીકારી શકે છે અને અવિશ્રવશનીય ભાગ નકારી શકે છે.

આ સિઘ્ધાંત માટે **Ramakant Rai v. Madan Rai, (2003) 12 SCC 395** અને **Ugar Ahir v. State of Bihar, AIR 1965 SC 277 ના સિઘ્ધાતો ઉપયોગી છે."falsus in uno, falsus in omnibus" ભારતમા કડક રીતે લાગુ પડતો નથી.સાક્ષીની જુબાની નુ ભાગવાર મુલ્યાંકન કરી શકાય છે.**

આમ સાહેદ મણીબેન ની જુબાની થી આરોપીને કુહાડા સાથે ભાગતા

જોયા હોય ની હકીકત નિશ્રિવત રીતે સાબિત થતી નથી ,પરંતુ ફરીયાદીની ઈજા અંગેની તેણીની જુબાની , જો અન્ય વિશ્રવશનીય પુરાવા સાથે સુસંગત હોય તો, મર્યોદીત **corroborative value** ધરાવે છે.

(૨૦.૪) ફરીયાદીપક્ષ તરફે આંક–૨૮ થી સાહેદ સતિષભાઈ કાનજીભાઈ તથા આંક–૨૯ થી રજનીકાંતભાઈ કાનજીભાઈ નાએએ પુરાવો આપેલ છે અને બંને તેઓની સરતપાસ મા જણાવે છે કે, બનાવ તા ૦૪/૧૨/૨૪ ના રોજ રાતના પોણા નવ વાગે પેટીયા ગામે વીજલાભાઈ ના ઘરની આગળ બનેલો. બનાવ સમયે હુ ઘરે હતો. બનાવમા બુમાબુમ થતા અમો દોડીને ગયેલ. ત્યાં જઈને જોયેલ તો આરોપી દવાવાન ભાગતો હતો અને વિજલાભાઈ ને કોદાળી માથાની સાઈડમા દયાવાને મારેલી હતી. આરોપીએ કોદાળી કેમ મારેલી તે મને ખબર નથી. આ સિવાય હુ બીજુ કાંઈ જાણતો નથી.

બચાવપક્ષ ના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલ ટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે મારા મમ્મી મણીબેન ફરીયાદીના ઘરે સાફસફાઈ તથા ખેતીકામ કરવા જાય છે.એ વાત ખરી છે કે બનાવ સમયે લોકોનો ટોળુ ભેગુ થઈ ગયેલ. એ વાત ખરી છે કે, મે મારા જવાબમા એવુ લખાવેલ નથી કે,**બનાવમા બુમાબુમ થતા અમો દોડીને ત્યાં ગયેલા તો વિજલાભાઈ ને કોદાળી માથાની સાઈડમા અને કાનની ઉપર ના ભાગે દયાવાને મારેલી હતી.**

આમ આ સાક્ષીની મુખ્ય પરીક્ષણની ઉપરોકત જુબાની જોવામા આવે તો ,સાક્ષી પોતાને આરોપી દવારા ફરીયાદી ઉપર કુહાદાથી હુકલો કરવામા

આવેલ. બનાવનો પ્રથમદર્શનીય સાક્ષી તરીકે રજુ કરે છે. પરંતુ આ સાક્ષીની ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે**,મે મારા જવાબમા એવુ લખાવેલ નથી કે,બનાવમા બુમાબુમ થતા અમો દોડીને ત્યાં ગયેલા તો વિજલાભાઈ ને કોદાળી માથાની સાઈડમા અને કાનની ઉપર ના ભાગે દયાવાને મારેલી હતી.** આ હકીકત તેઓએ અગાઉ ના પોલીસ નીવેદનમા લખાવેલ નથી.

આમ આ સાક્ષીઓ ના મુખ્ય પરીક્ષણમા પ્રથમ વખત કરવામા આવેલ ઉપરોકત હકકીતો,અંગે તેની અગાઉ ની પોલીસ સમક્ષની જુબનીમા મહત્વપુર્ણ omission ઓમીસન રહેલ છે. જો આ omission ઓમીસન નો સાક્ષીની ઉલટ તપાસમા ચોકકસ રીતે ઉપયોગમા કરવામા આવ્યો હોય અને તપાસ અધિકારી ની જુબાની દવારા તે omission ઓમીસન કાયદેસર રીતે સાબિત કરવામા આવેલ હોય તો, આ હકીકત સાક્ષીની વિશ્વસનીયતા પર અસર કરનાર મહત્વપુર્ણ બાબત બની શકે છે.

માનનીય સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યુ છે કે, પોલીસ સમક્ષ નોધાયેલ નિવેદન નો ઉપયોગ સાક્ષીને 'contradict વિરોષભાસ કરવા માટે કાયદામા નિર્ધારીત રીત મુજબ થઈ શકે છે. અગાઉના નીવેદન થી જે ચોકકંસ ભાગ થી સાક્ષીને 'contradict વિરોષભાસ કરવાનો હોય, તે ભાગ સાક્ષીના ધ્યાને લાવવો જરૂરી છે અને ત્યારબાદ તે 'contradict વિરોષભાસ **યોગ્ય** પુરાવાથી સાબીત થવો જોઈએ. માત્ર એટલુ પુછવુ કે **આ વાત અગાઉ ના નીવેદનમા લખાવી નથી.** પુરતુ નથી. પરંતુ હાલના કેસમા સાક્ષી દવારા ઘટનાની મુખ્ય અને મહત્વપુર્ણ હકીકત એટલે કે, આરોપીએ ફરીયાદીના માથા તથા કાનના ભાગે કુહાડી થી ઘા મારતા જોયા હોવાની હકીકત,પહેલી વખત કોર્ટમા

જણાવવામા આવી હોય આ omission નુ મહત્વ તેના સ્વરૂપ અને પરિસ્થિતી પર આધારીત રહેશે.

જો આ omission માત્ર વિગતો ના અભાવ સુધી મર્યાદીત હોય અને ફરીયાદી તથા અન્ય વિશ્વસનીય સાક્ષીની જુબાની,મેડીકલ પુરાવા અને અન્ય પરિસ્થિત જન્ય પુરાવા દવારા આરોપી દવારા હુમલો કર્યાની હકીકત મજબુત રીતે સાબીત થતી હોય તો માત્ર આ omission ના આધારે સાક્ષીની સમગ્ર જુબાનીને ફગાવી શકાય નહી.આમ આ સાક્ષીઓની જુબાની અંતિમ મુલ્યાંકન કરતી વખતે નીચોની બાબતો ધ્યાનમા લેવાની રહે છે.(૧) અગાઉના પોલીસ નીવેદન મા કરાયેલ ઓમીસન કાયદેસર રીતે સાબિત થાય છે કે નહી,(૨) ઓમશન ઘટનાની મુળ ભુત હકીકત અંગે છે કે માત્ર વિગતો અંગે,(૩) સાક્ષીઓની જુબાની અન્ય સાક્ષીઓની જુબાની સાથે સુસંત છે કે નહી. (૪) મેડીકલ તથા અન્ય પુરાવાથી તેને પુષ્ટિ મળે છે કે નહી.

(૨૦.૫) વધુમા ફરીયાદપક્ષ તરફે આંક-૩૪ થી સાહેદ રાજેન્દ્રભાઈ રણજીતભાઈ વસાવા તથા આંક-૩૫ થી કાશ્મીરાબેન રાજેન્દ્રભાઈ નાઓ દવારા પુરાવો આપવામા આવેલ છે તેમા તેઓ જણાવે છે કે, બનાવની તારીખ મને યાદ નથી અને બનાવ ને કેટલો સમય થયો તે પણ મને યાદ નથી. બનાવ શુ બનેલ તે પણ મને ખબર નથી. બનાવ વિશે હુ કંઈ જાણતો નથી. આમ સદર સાહેદોના પુરાવા ફરીયાદીને મદદરૂપ નીવળેલ નથી.

(૨૦.૬) ફરીયાદપક્ષ તરફે આંક–૩૮ થી ડોકટર ત્રુષિ ઘનશ્યામભાઈ પટેલ નાઓએ જુબાની આપેલ છે. આમ સદર કેસમા ડોકટરે પોતાની મુખ્ય પરીક્ષણમા જણાવ્યુ છે કે, ફરીયાદી સારવાર તેઓની હોસિપટલમા આવેલ અને તેઓએ ફરીયાદીની સારવાર કરી હતી, ડોકટર ની જુબાની મુજબ ,ફરીયાદીએ આપેલ હીસ્ટ્રીમા જણાવ્યુ હતુ કે તેના ભાઈના પુત્રે કુહાડાથી તેના માથાના ભાગે ઘા કરતા તેઓને ઈજા થયેલ હતી.

પંરતુ ડોુકટર ની ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે, ફરીયાદીએ પોતાની હીસ્ટ્રીમા આરોપીનો નામ જણાવેલ નથી. આમ આ એડમીશન ને ઘ્યાને લઈ આરોપીએ ફરીયાદીને માર મારેલ હોય તે શંકા વગર સાબીત થતો ન હોય આરોપીને શંકા આપી છોડી મુકવા બચાવપક્ષ ના વકીલ શ્રી દવારા મૌખિક દલીલ કરેલ છે.

આમ, ડોકટર ની જુબાનીમા ફરીયાદી દવારા આપવામા આવેલ હીસ્ટ્રીનો જે ભાગ છે, તે આરોપી સામેની ઘટના અંગેનુ substantive evidence નથી. ડોકટર ફરીયાદી દવારા જણાવવામા આવેલ હીસ્ટ્રી ના આઘારે દોષિત છે કે નહી તે અંગે સાક્ષી આપી શકે નહી. ડોકટર ની મુખ્ય ભુમીકા ફરીયાદીને થયેલી ઈજા ,ઈજાનુ સ્વરૂપ, ઈજાની ગંભીર તા તથા ઈજા કયા પ્રકારના હથિયાર થી થઈ શકે તે અંગે તબીબી પુરાવા આપવાની છે. વઘુમા નામદાર સવોૅચ્ચ અદાલતે વારંવાર ઠરાવ્યુ છે કે, સારવાર દરમ્યાન દર્દી દવારા ડોકટરને આપવામા આવેલ હીસ્ટ્રી અથવા સ્ટેટમેન્ટ આરોપીની ઓળખાણ અને ગુનામા તેની સંડોવણી સાબિત કરવા માટ[ substantive evidence તરીકે ઉપયોગમા ઈળ શકાય નહી. તે માત્ર મર્યાદીત હક સુધી corroboration

અથવા contradiction માટે ઉપયોગી થઈ શકે છે.હાલની ડોકટર ના પુરાવાથી એ જણાઈ આવે છે કે ફરીયાદીને માથાના ભાગે ઈજા થયેલ હતી અને તેને સારવાર આપવામા આવેલ હતી.

આમ ફરીયાદીની તથા સાક્ષીઓની જુબાનીમાથી એ હકીકત સ્પષ્ટ પણે સાબિત થાય છે કે, આરોપીએ ફરીયાદી સાથે મારામારી કરી અને કુહાડા વડે તેના માથાના ભાગે ઈજા પહોચાડી હતી. આ હકીકત ને મેડીકલ પુરાવા (ડોકટર સાહેદ) દવારા પણ સમથૅન મળે છે. તેથી ફરીયાદી તથા સાક્ષી તથા ડોકટર સાહેદની જુબાની વચ્ચે મહત્વપુણૅ સુસંગતા જોવા મળે છે.

(૨૦.૭) વધુમાં આરોપીના વિ.વકીલશ્રી ઉપરોકત ચર્ચા કરેલ જે પ્રકારની દલીલો કરે છે તે બાબતે કાયદાની પરિસ્થિતિ જો જોવામાં આવે તો, ઈજા પામેલ વ્યકિતની જુબાની ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. સિવાય કે, ઈજા પામનાર વ્યકિત અને આરોપી વચ્ચે એવી દુશ્મનાવટ હોય કે જેનાથી ઈજા પામનાર વ્યકિત આરોપીને ગુન્હામાં ખોટો સંડોવતી હોય. આરોપીએ તેની દુશ્મનાવટના કારણે તેને ખોટો સંડોવેલ છે તેવો આધાર રેકર્ડ ઉપરના પુરાવા પરથી અદાલતને બતાવવો જોઈએ. વધુમાં તેવા સાહેદની જુબાની સંપુર્ણ રીતે ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. સિવાય કે, કેસના સંજોગો એવા હોય જેથી આ અદાલત આરોપીની ખોટો સંડોવણી બાબતે સંમત થાય અથવા તો, સાહેદની જુબાની રેકર્ડ પરના પુરાવાઓ પરથી ન માનવાને કારણ હોય. વધુમાં ના.સર્વોચ્ચ અદાલતે ઈજા પામનાર સાહેદની જુબાની બાબતે '' **ભજનસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા**'' જે એ.આઈ.આર. ૨૦૧૧ સુ.કો. પાન નં. ૨૫૫૨ ના ચૂકાદાના

પેરા–૨૧ માં એમ ઠરાવેલ છે કે, *cc* The evidence of the stamped witness must be given due weightage as his presence on the place of occurrence cannot be doubted. His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else. The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his testimony that he was present at the time of occurrence. Thus, the testimony of an injured witness is accorded a special status in law. Such a witness comes with built-in guarantee of his presence at the scene of the crime and is unlikely spare his actual assailant in order to falsely implicate someone. Convincing evidence is required to discredit an injured witness. Thus the evidence of an injured witness should be relied upon unless there are grounds for the rejection of his evidence on the basis of **major** contradiction and discrepancies therein."

આમ આ કામના આરોપીઓએ ફરીયાદીને તથા સાહેદોને વાયરના ચાબુક તથા લાકડી ના સપાટા વડે માર મારેલ અને તેનાથી ફરીયાદી તથા સાહેદોને ઈજાઓ થયેલ તે પુરાવાથી ફલીત થાય છે.

(૨૦.૮) વધુમાં સદર સાહેદોની જુબાની પરથી આરોપીના વિ.વવકીલશ્રી એવી દલીલ કરે છે કે, આ કામે પ્રોસીસકયુશને તપાસેલ રીકવરી પંચો પ્રોસીકયુશન કેસને સમર્થન આપતા ન હોઈ, પ્રોસીકયુશને સદર રીકવરી પંચનામુ પુરવાર કરી શકેલ ગણાય નહી જેથી આ કામના આરોપીએ આ કામના ફરીયાદી ને કુહાડા વડે માથામા મારી વ્યથા કરેલ હોય તેવું કહી શકાય નહિ.પરંતુ માત્ર

રીકવરી પંચ સાહેદો ફરીયાદ પક્ષને સમર્થન આપતા નથી તેટલા કારણ માત્રથી આરોપીએ કુહાડા વડે ફરીયાદીને મારેલ નથી તેમ ગણી શકાય નહિ. પરંતુ કાયદાનો એવો કોઈ નિયમ નથી કે, પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થાય તે કારણે આરોપીને શંકાનો લાભ મળે. વધુમાં જયારે આ કામે આંક–૩૬ ના ત.ક.અ. ફેમીદા મહમદ હનીફ પટેલ તેમના પુરાવામાં જણાવે છે કે, વાલીયા પોલીસ સ્ટેશનના ગુના રજી નંબર–૧૦૭૭/૨૦૨૪ ના કામની તપાસ અમોને મળતા તપાસ સંભળી લઈ ગુનાવાળી જગ્યાએ જઈ બે પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ પંચાનામુ કરેલ છે જેને આંક–૧૭ આપવામા આવેલ છે.વધુમા લાગતા વળગતા સાહેદોના પુરાવા લઈ આરોપી વિરૂધ્ધ પુરાવો હોય નામદાર કોર્ટ મા। ચાર્જસીટ કરેલ. જે જુબાની ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. વધુમાં તે બાબતે કાયદાની પરિસ્થિતિ જોવામાં આવે તો, ના.સવોચ્ચ અદાલતે "**કરમીતસિહ વિરૂધ્ધ સ્ટેટ**" જે એ.આઈ.આર. ૨૦૦૩ સુ.કો. પાન નં. ૧૩૧૧ ના ચૂકાદાના પેરા–૮ માં એમ ઠરાવેલ છે કે, *There is no principle of law that without corroboration by independent witnesses the testimony of Police Personnel cannot be relied upon. The presumption that person acts honestly applies as much in favour of police personnel as of other person. It is, thus, not proper judicial approach to distrust and suspect them without good grounds."* આમ ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર આરોપીના વિ.વકીલ શ્રી એ કરેલ દલીલો સ્વિકારવા પાત્ર જણાતી નથી.

(૨૦.૯) વધુમાં ફરીયાદપક્ષે આરોપીઓ સામે કરેલ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના સજાનેપાત્ર ગુના સંબંધે ફરીયાદપક્ષના પુરાવાની વિશેષ

ચર્ચા કરતા પહેલા નામદાર સુપ્રિમ કોર્ટ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને જોવા જરૂરી જણાય છે. નામ. સુપ્રિમ કોર્ટે **"બાંઈ શાંતું વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યો, 2001 (1) GLR 273"** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છેકે, ***''જાહેરનામુ''*** એટલે ''માત્ર કલેકટર કચેરી કે સરકારી કચેરીમાંથી ગેઝેટમાં પ્રસિધ્ધ થાય તે નહી, પરંતુ આવી પ્રસિધ્ધિ સામાન્ય જનમાનસની જાણમાં આવે તે રીતે તેની પ્રસિધ્ધિ થવી જરૂરી છે અને તો જ તેને જાહેરનામાની વ્યાખ્યામાં મૂકી શકાય. જાહેરનામા ની નકલ અદાલત માં રજૂ થવા માત્રથી આવું જાહેરનામુ અસ્તિત્વમાં હતું તેવું માની શકાય, પરંતુ તેનાથી તેની યોગ્ય પ્રસિધ્ધિ **(Promolgation)** થયેલું ગણી શકાય નહી. વધુમાં ફરિયાદપક્ષ દવારાં જાહેરનામાં સંબંધિત કર્મચારીને સોગંદ પર તપાસેલ નથી તેમજ બનાવ સમયે જાહેનામુ અસ્તીત્વમા હતુ કે કેમ? તે પુરવાર થયેલ ગણી શકાય નહિ. આથી ફરિયાદપક્ષ જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનાં આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવું અત્રેની અદાલતનું પ્રામાણિક પણે માનવું છે.

ઉપરોકત તમામ કારણો, કેસ ની હકીકત તથા રેકર્ડ પર આવેલા પુરાવાનુ ન્યાયીક મુલ્યાંકન કરતા,આ કામના આરોપીએ તા.૦૫/૧૨/૨૦૨૨૪ નાં રોજ કલાક ૨૦:૪૫ વાગ્યાના આ કામના ફરીયાદી તેની પત્નીની માલીકીની મુળ વતન પેટીયા ખાતે જમીન આવેલી હોય જે જમીનમાં સોયાબીનની કાંપણી તેમજ શેરડીનું વાવેતર કરાવવા સારૂ તેની પત્ની સાથે પેટીયા ગામે આવી છેલ્લા પંદરેક દિવસથી રોકાયેલ હતા અને શેરડીનું વાવેતર તથા સોયાબીન કાંપણીનું કામ કરાવતા હતા તે દરમ્યાન ગઈકાલ રોજ તા.૦૪/૧૨/૨૦૨૪ ના કલાક ૨૦.૪૫

વાગ્યા દરમ્યાન આ કામના આરોપી દયાવાન ઉર્ફે વાલુ રણજીતભાઈ વસાવાનાઓ ફરીયાદીના ઘરે કોદાળી લઈને આવેલ અને તમે અમારી જમીન પચાવી પાડેલ છે તેમ કહી સાહેદ જશુબેન નાઓને કોદાળી ઉગામી હું તમને બંન્નેને જાનથી મારી નાંખીશ અને દફનાવી દઈશ તેમ કહી ગમે તેમ ખરાબ ગાળો આપી ફરીયાદીને કોદાળીથી માથાના ભાગે મારી દેતા ચામડી ફાટી લોહી નીકળી ઈજા કરી તેમજ ફરીયાદીને પકડીને ઢીકાપાટુનો માર મારી તમે બંન્ને ઘર ખાલી કરીને જતા રહેજો નહી તો ફરીવાર આવીશ તો મારી નાંખીશ તેવી ધમકી આપી, બી. એન. એસ. ની કલમ- ૧૧૫(૨), ૧૧૮(૧), મુજબનો આરોપ પુરવાર કરવામા પ્રોસેકયુશન સફળ ગયેલ છે જયારે બી.એન.એસ. ની કલમ- ૩૫૨, ૩૫૧(૩) અને જી.પી.એકટ ૧૩૫ મુજબના ગુનાનુ આક્ષેપ પુરવાર કરવા પ્રોશેકયુશન સફળ થયેલ નથી. આથી મુદા નંબર-૧ નો જવાબ અશંતઃ હકારમા આપવામા આવે છે અને મુદા નંબર-૨ નો જવાબ નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**:: આખરી હુકમ::**

(૧) આરોપી (૧) દયાનંદ ઉફે વાલુ રણજીતભાઈ વસાવા, રહે-ગુંદીયાગામ બંગલ ફળીયુ,તા-વાલીયા,જી-ભરૂચ નાઓને બી.એન.એસ. ની કલમ- ૩૫૨, ૩૫૧(૩) અને જી.પી.એકટ ૧૩૫ મા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૧(૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપી (૧) દયાનંદ ઉફે વાલુ રણજીતભાઈ વસાવા, રહે-ગુંદીયાગામ બંગલ ફળીયુ,તા-વાલીયા,જી-ભરૂચ નાઓને બી. એન. એસ. ની કલમ- ૧૧૫(૨), ૧૧૮(૧), ના કામમા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની

કલમ–૨૭૧(૨) હેઠળ તકશીરવાન ઠરાવવાનો હુકમ કરવામા આવે છે.

(૩) મુદામાલ કોદાળી નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૪) આરોપીને સજા વિશે સાંભળવા કાર્યવાહી મુલત્વી રાખવામા આવે છે.

**હુકમ આજ રોજ તા ૦૩ મી માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી,સંભળાવી જાહેર કર્યો.**

**તા ૦૩/૦૮/૨૦૨૬**
**વાલીયા.**

**(આદીલનવાજ.મો.શફી.સોની)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ અને**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ**
**કલાસ,વાલીયા.**

નોંધ:- **<u>આ કામે ઈ.પી.કો ની કલમ-૧૧૫(૨),૧૧૮(૧) મુજબ સજા અંગે સાંભળ્યા તથા સજાનો હુકમ અલગ પેઈજ મા ટાઈપ કરેલ છે.</u>**

(૧). સદર કામે સરકાર તરફે એ.પી.પી.શ્રી જી.બી.મકવાણા ની રજુઆત છે કે, આરોપી વિરૂધ્ધ બિયોન્ડ ધી રીસ્નેબલ ડાઉટ કેસ પુરવાર થયેલ હોઈ આરોપીને સમાજમા દાખલો બેસે તેવી મહતમ સજા કરવા અરજ કરેલ છે.

(૨). આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ.કે.ચૌધરી ની રજુઆત છે કે, આરોપી ગરીબ ઘરના છે ઘરની બધી જવાબદારી તેઓના પર છે. અગાઉ કોઈ ગુનો કરેલ નથી. આરોપી આજરોજ સુધી કોર્ટમા નિયમિત રીતે હાજર રહેલ છે.આરોપીને પ્રોબેશન નો લાભ આપવા અરજ કરેલ છે.

(૩) આરોપીના વકીલ શ્રી ને સાંભળ્યા, સરકારી વકીલ શ્રી નાઓને સાંભળ્યા, આરોપીને પણ સજા ના પશ્ર વિશે પોતાની રજુઆત કરવાની પુરતી તક આપવામા આવેલ છે. વધુમા કેસની હકીકતો,ગુનાની ગંભીરતા, આરોપી દવારા ઈજા પહોચાડવા માટે વાપરેલ હથિયાર ,ઈજાનુ સ્વરૂપ,તથા કેસના તમામ સંજોગો ધ્યાનમા લેતા,તથા આરોપીઓ નામદાર કોર્ટ મા હાજર રહેતા ન હોઈ તે પણ ધ્યાને રાખતા નામદાર કોર્ટ દવારા નીચે મુજબ ની સજા ફરમાવવામા આવે છે.

**-::<u>આખરી હુકમ::-</u>**

(૧). આ કામના આરોપી (૧) દયાનંદ ઉફે વાલુ રણજીતભાઈ વસાવા નાઓને બી.એન.એસ ની કલમ-૧૧૫(૨) ના ગુન્હા મા દોષિત ઠરાવી છ મહીનાની ની સાદી કેદની સજા તથા રૂ ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) દંડ પેટે ભરવાનો હુકમ કરવામા આવે છે અને દંડ ન ભરે તો ૧ માસ ની સાદી

કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨). આ કામના આરોપી (૧) દયાનંદ ઉર્ફે વાલુ રણજીતભાઈ વસાવા નાઓને બી.એન.એસ ની કલમ–૧૧૮(૧) ના ગુન્હા મા દોષિત ઠરાવી ૧ વર્ષે ની સાદી કેદની સજા તથા રૂ ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર) દંડ પેટે ભરવાનો હુકમ કરવામા આવે છે અને દંડ ન ભરે તો ૨ માસ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીઓને બી.અન.એસ. ની કલમ–૪૬૮ (જુની સી.આર.પી.સી ની કલમ–૪૨૮ મુજબ ,તપાસ, તપાસણી અથવા ટ્રાયલ દરમ્યાન ભોગવેલ અટકાયત નો લાભ મજરે (સેટ–ઓફ) આપવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપીને હાજર થયેથી ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ–૩૬૩ તથા બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ અનવ્યે ચુકાદાની એક નકલ પુરી પાડવી.

(૪) ઉપરોકત બંને ગુનાઓ માટેની કેદની સજાઓ એકસાથે (concurrently) ભોગવવાની રહેશે.

**હુકમ આજ રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલત મા જાહેર કર્યો**

| | |
|---|---|
| **તા.૦૩/૦૮/૨૦૨૬**<br>**સ્થળ: વાલીયા.**<br><br>//J.J.S.// | **(આદિલનવાજ મો.શફી સોની)**<br>**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**<br>**વાલીયા.જી.ભરૂચ.**<br>**યુનિક જજ કોડ–જીજે૦૧૬૩૬** |